आज़ादी का
अमृत महोत्सव

# Department of Sociology

## Maharaja Krishnakumarsinhji Bhavnagar University, Bhavnagar

organized

National Seminar

on

# Indian Tourism: Issues, Challenges and Impacts

Sponsored by

## Indian Council of Social Science Research

## Certificate

This is to certify that Shri./Smt./Miss. Dr. Minaxiben R. Patel

of Associate professor Govt. Arts & Commerce College Khergam.

has participated in the National Seminar on Indian Tourism Issues, Challenges and Impacts sponsored by Indian Council of Social Science Research, New Delhi, held on 27th February 2022.

He/She has Presented the Paper ગુજરાતનાં પ્રવાસન સ્થળો

Dr. H.L.Chavda
Seminar Coordinator
Head, Dept. Of Sociology
M.K. Bhavnagar University
Bhavnagar

Dr. Kaushik Bhatt
Registrar
M.K. Bhavnagar University
Bhavnagar

Scanned with OKEN Scanner

Book - Artical-


# ભારતમાં પ્રવાસન

## પ્રશ્નો, પડકારો અને અસરો


સંપાદન

પ્રો. એચ. એલ. ચાવડા

ડૉ. સ્ટેન્લી એ. ભણાત

**BHARATAMAM PRAVASANA PRASNO, PADAKARO ANE ASARO**

*by: Prof. H.L.Chavda, Dr. Stenly. A. Bhanat*

■

**RED'SHINE PUBLICATION PVT. LTD.**

Headquarters (India): 88-90 REDMAC, Navamuvada,
Lunawada, India-389 230
Contact: +91 76988 26988
Registration no. GJ31D0000034

*In Association with,*

**RED'MAC INTERNATIONAL PRESS & MEDIA. INC**

India | Sweden | UK

■

Text © *Prof. H.L. Chavda*
Cover page ©RED'SHINE Studios, Inc, 2022

■

All rights reserved. No part of this publication may be reproduced or used in any form or by any means- photographic, electronic or mechanical, including photocopying, recording, taping, or information storage and retrieval systems- without the prior written permission of the author.

■

**ISBN:** 978-93-93239-91-4
**ISBN-10:** 93-93239-91-6
**DIP:** 18.10.9393239916
**DOI:** 10.25215/9393239916
Price: ₹ 400
August, 2022 (First Edition)

■

The views expressed by the authors in their articles, reviews etc. in this book are their own. The Editor, Publisher and owner are not responsible for them. All disputes concerning the publication shall be settled in the court at Lunawada.

■

www.redshine.co.in | info@redshine.in
Printed in India | Title ID: 9393239916

**Dr. M. M. Trivedi**
*Acting Vice - Chancellor*

Congratulations fr
article's Book of "Indi
Department of Sociology
Bhavnagar.

Under the leadersh
Modi, huge efforts are bei
of tourism through vari
fragrance is pervasive not
such a book will provide
glorious geographical and
of this glorious India.

As the Vice-Chance
various research articles
organized National Level
publish a book on "Indian T

**Date: 06/04/2022**
**Place: Bhavnagar**

To,
Head,
Department of Sociology,
Maharaja Krishnakumarsinhj
Bhavnagar.

Scanned with OKEN Scanner

# CONTENTS


| અનુક્રમ નં. | પ્રકરણ નામ અને લેખક(ઓ) | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 1 | કોરોના મહામારીનો યાત્રા અને પર્યટન ઉદ્યોગ પર પ્રભાવ<br>Manishakumari Sharma | 1 |
| 2 | પ્રવાસન : અનુસુચિત જાતી અને પ્રવાસ સ્થાનો<br>મનુભાઈ એચ. મકવાણા | 7 |
| 3 | પ્રવાસન સંચાલન અને ભાવી તકો.<br>Mr. Mehulkumar Navinbhai Patel | 17 |
| 4 | ગુજરાતના પ્રવાસન સ્થળો<br>ડૉ. મીનાક્ષીબેન આર. પટેલ | 22 |
| 5 | ગુજરાત પ્રવાસનના ઐતિહાસિક અને સાંસ્કૃતિક પાસાઓ<br>Assist. Pro. VINOD M AMARCHOLI | 27 |
| 6 | ભારતમાં પર્યટન વિકાસ<br>ડો. નમ્રતા જે. સોલંકી | 31 |
| 7 | ભારતમાં પ્રવાસન ઉદ્યોગ<br>Ms. Neha M. Dharaiya | 35 |
| 8 | યુવા પ્રવાસીઓના પ્રવાસન અંગેના અનુભવોનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ<br>ડૉ. નિકુંજ પટેલ | 42 |
| 9 | દરીયાકાંઠાના ગ્રામીણ સમુદાય પર પ્રવાસનનો પ્રભાવ(ભાવનગર જિલ્લાના સંદર્ભમા)<br>ડાભી નિલેશ બી. | 46 |
| 10 | સ્ટેચ્યુ ઓફ યુનિટી: ગુજરાતના એક સ્થળે સમગ્ર વિશ્વની ઝલક<br>દેસાઈ નિલેશકુમાર એમ. | 49 |
| 11 | ભાવનગર જિલ્લાના દરિયાકાંઠાના પ્રવાસન સ્થળોએ સ્વચ્છતાની સ્થિતિ<br>પ્રા. નિલેશ બી. સેતા | 55 |
| 12 | ગુજરાત પ્રવાસનના અવરોધક પરિબળો<br>ડૉ. નિર્મલકુમાર કે. પટેલ | 59 |


Scanned with OKEN Scanner

## પ્રકરણ 4

# ગુજરાતના પ્રવાસન સ્થળો

ડૉ. મીનાક્ષીબેન આર. પટેલ [4]

**પ્રસ્તાવના:-**

મનુષ્ય જીવનનો અભિપ્સિત હેતુ આનંદ છે. માનવીના જીવનમાં ક્ષણે ક્ષણે નાવીન્ય હોય તો જ જીવન રસપૂર્ણ બને. જીવનની જડતાને દૂર કરવા તથા જીવનને આહલાદક બનાવવા માનવીને હંમેશા ચાલતું રહેવું પડે છે. મનુષ્યની આ સ્થળાંતરની પ્રવૃતિ "પ્રવાસ" શબ્દ દ્વારા ઓળખાય છે.

પ્રવાસના શબ્દનો અંગ્રેજી પર્યાય "ટૂરિઝમ"(Tourism) નો મૂળ ઉદભવ "ટૂર"(Tour) સાથે સંકાળાયેલો છે. આ બંને શબ્દો લેટિન ભાષાના "ટોર્નોસ"(Tornos) શબ્દ કે જેનો અર્થ વર્તુળ એવો થાય છે તેના પરથી ઊતરી આવ્યા છે. અહીં વ્યક્તિ જે સ્થળે થી બહાર નીકળે છે તે જ સ્થળે પરત આવે છે તેમ માની તેને વર્તુળાકાર પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. રાઉન્ડ ટૂર કે પેકેજ ટૂરનો ખ્યાલ પણ આ શબ્દ ઉપરથી આવ્યો હોવાનું માનવામાં આવે છે.

(૧) સંસ્કૃત ભાષા અનુસાર:

(અ) પર્યટન:- જે આનંદ અને જ્ઞાન પ્રાપ્તિ હેતુસર બહાર જવાની ક્રિયા બતાવે છે.

(બ) દેશાટન:- જે ખાસ કરીની આર્થિક હિત ખાતર બહાર જવાની ક્રિયા બતાવે છે.

(ક) તીર્થાટન:- જે ખાસ કરીને એક ધાર્મિક સ્થળેથી બીજા ધાર્મિક સ્થળે જવાની ક્રિયા છે.

(૨) યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશન ના મત મુજબ, "પ્રવાસન એ સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક ઘટના કે પ્રવૃતિ છે કે જે અન્વયે એક દેશ કે સ્થળના લોકો (પ્રવાસીઓ) તેમના સામાન્ય પ્યાવરણની બહારના સ્થળે અંગત, ધંધા કે વ્યવસાયિક હેતુથી જાય છે.

(3) ડૉ. ઝીયાદીનના મત મુજબ:

"પ્રવાસન એ એવી સામાજીક હલનચલનની પ્રક્રિયા છે કે જેમા આરામ, સામાન્ય કાર્યથી વિમુખતા અને સાંસ્કૃતિક જરૂરિયાતો સંતોષાય છે."

પ્રવાસનને "પ્રવાસ" કે "પર્યટન" તરીકે પણ ઓળખવામાં આવે છે. લોકો આનંદ-પ્રમોદ, રમતગમત, ધાર્મિક વગેરે હેતુઓ માટે પ્રવાસ કરે છે. પ્રવાસ એ એક સ્થળેથી બીજા સ્થળે જવાની ક્રિયા છે. લોકો અંગત, ધંધાકીય કે વ્યવસાયિક એવા અનેક હેતુઓ માટે પોતાના સામાન્ય સ્થળેથી દૂર એવા સ્થળે અમુક નિશ્ચિત સમય માટે પ્રસ્થાન કરે છે. લોકો સાહસવૃતિ, આનંદપ્રમોદ, ધંધો, વ્યવસાય, સંશોધન માટે પ્રવાસ કરે છે.

જો તમે સાસણગીર વનમાં એશિયાટીક સિંહો જોવા માંગતા હોય, સાબરમતી રીવરફ્રંટ કે સાબરમતી આશ્રમમા શાંતિ અને નિરવતાનો અનુભવ કરવા માંગતા હોવ, વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ કે સ્ટેચ્યુ ઓફ યુનિટી ની ભવ્યતા જોવા માંગતા હોવ કે પછી ગુજરાતનું એકમાત્ર



ગિરીમથક સાપુતારાની આહલાદકતા અનુભવવા માંગતા હોય અથવા તો વલસાડના તીથલ દરિયાકિનારાની મઝા માણવી હોય... ગુજરાતની ભૂમિ ઉપર દરેક વ્યક્તિની પસંદગી મુજબ વિશેષ આકર્ષણો ઉપલબ્ધ છે. ગુજરાતના કેટલાક મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળો અંગે વિગતે પરિચય આપીશ.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી:-**

દેશની એકતા અને અખંડિતતાના મહાન શિલ્પી, લોખંડી પુરુષ અને ભારતના બિસ્માર્ક એવા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મજયંતિએ ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૮૨ મીટરની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ થયું. સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ સરદાર સરોવર બંધથી ૩.૨ કિ.મી. દૂર નર્મદા નદી મધ્યે કેવડીયા નજીક સાધુ બેટ ઉપર કરવામાં આવેલ છે.

**વાવ: ગુજરાતમાં વાવ**

ગુજરાતમાં મોટી સંખ્યામાં સુંદર સ્મારકો અને ઈમારતો આવેલી છે, જે વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષે છે. પ્રવાસીઓમાં વાવ પ્રત્યે પણ વિશેષ આકર્ષણ હોય છે.

- અડાલજની વાવ- અમદાવાદ
  સમગ્ર ગુજરાતમાં અડાલજની વાવ સૌથી વધુ જાણીતી અને સુંદર વાવ પૈકીની એક છે. વાઘેલા રાજવંશના રાજાના પત્નિ રુડાબાઈ દ્વારા આ વાવનું બાંધકામ કરવામાં આવ્યુ હતું. અમદાવાદથી આશરે ૧૮ કિ.મી. દૂર આવેલા અડલજ ગામના નામ ઉપરથી વાવનું નામ પડ્યું છે. વાવના સ્થાપત્ય ઉપર ઈસ્લામિક અને હિંદુ શૈલીનો પ્રભાવ જોવા મળે છે.
- દાદા હરીની વાવ- અમદાવાદ
  અમદાવાદના અસારવા વિસ્તારમાં દાદા હરીની વાવ આવેલી છે. આ સુંદર વાવ વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષે છે. આ વાવનું નિર્માણ બાઈ હરીર સુલતાની દ્વારા કરવામાં આવ્યું હતું. દાદા હરીની વાવમાં જૈન અને હિન્દુ શિલ્પોની ઝીણવટભરી કોતવણી કરવામાં આવી છે. આ વાવ મુલાકાતીઓને ભુતકાળમા સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થાની અનોખી સમજ આપે છે.
- રાણકી વાવ- પાટણ
  પાટણ શહેર પટોળા સાડી ઉપરાંત રાણકી વાવ અથવા રાણીની વાવ માટે પણ ખુબ જ પ્રખ્યાત છે. જે ભારતની તમામ વાવમાં સૌથી શ્રેષ્ઠ હોવાનું મનાય છે. અદભુત સાત માળનું ભૂગર્ભ માળખું યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામ્યું છે. રાણકી વાવનો સંદર્ભ સોલંકી રાજા ભિમદેવની પત્નિ રાણી ઉદયમતી સાથી છે. વાવ સ્થાપત્યનું સુંદર ઉદાહરણ છે. જેમાં ઝીણવટભરી કોતરણી દ્વારા સોલંકી શાસનકાળ દરમિયાની સ્થાપત્ય શૈલી દર્શાવવામાં આવી છે.

**ગુજરાતના યાત્રાધામો:**

- સોમનાથ- (પ્રભાસ પાટણ)
  સોમનાથ મંદિર ગીર-સોમનાથ ભારતના ૧૨ જ્યોતિર્લિંગમાંનું પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ... આવેલ છે. લોકવાયકા મુજબ આ મંદિર ચંદ્રએ ચાંદીનું, શ્રીકૃષ્ણએ

Scanned with OKEN Scanner

સુખડનું અને ભીમદેવ પહેલાએ પથ્થરનું બંધાવ્યું હતું. મહંમદ ગઝની અને અલાઉદ્દીન ખિલજીએ સોમનાથ મંદિર દયંધ કર્યું હતું. સોમનાથના રક્ષણ અર્થે હમીરજી ગોહિલ વીરગતિ પામ્યા હતા. સોમનાથના પટાંગણમાં ઘોડા પર બેઠેલા હમીરજી ગોહિલની વિશાળ કદની પ્રતિમા સ્થિત છે. અને આજે તેઓ ત્યાં પાળિયા તરીકે પૂજાય છે.

- મોઢેરાનું સૂર્યમંદિર (મોઢેરા, તા. બહુચરાજી, જિ. મહેસાણા)
  ઈ.સ. ૧૦૨૬-૨૭ માં ભીમદીવ પહેલાએ મોઢેરાના સૂર્યમંદિરનું નિર્માણ પુષ્પાવતી નદીના કિનારે કરાવ્યું હતું. મોઢેરાના સૂર્યમંદિરનું પૂર્વ દિશામાં આવેલું પ્રવેશદ્વાર એવી રીતે રચાયેલું છે, કે સૂર્યનું કિરણ અંદર ગર્ભદ્રહ સુધી રેલાઈને સૂર્યની પ્રતિમાના મધ્યમાં રહેલ મણિ પર પડતા સમગ્ર મંદિરનું ગર્ભ-ગૃહ પ્રકાશથી ઝળહળી ઉઠે છે.
- અંબાજી મંદિર (બનાસકાંઠા)
  હજારો ભક્તોની આસ્થાનું કેન્દ્ર અંબાજી શક્તિપીઠ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલું છે જેને ભારતની ૫૧ શક્તિપીઠો માંની પ્રથમ શક્તિપીઠ ગણવામાં આવે છે. અંબાજી શક્તિપીઠ અરવલ્લીની પર્વતમાળામાં આવેલી છે. જેમાં અંબાજીની પ્રતિમાની નહી, પરંતુ અહીંના શ્રીયંત્રની પૂજા થાય છે. અંબાજીની નજીક ગબ્બરનો ગઢ આવેલો છે જે અંબાજી માતાનું આસ્થાનું કેન્દ્ર છે.
- દ્વારકા મંદિર (દેવભૂમિ દ્વારકા)
  પવિત્ર ગોમતી નદીના કિનારે દ્વારકામાં આવેલા શ્રીકૃષ્ણના મંદિરને રણછોડરાયના મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉપરાંત તેને જગતમંદિર કે હરિમંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મંદિરનું નિર્માણ શ્રીકૃષ્ણના પૌત્ર વજનીભ દ્વારા થયું હોવાનું માનવામાં આવે છે.
- અક્ષરધામ મંદિર (ગાંધીનગર)
  ગાંધીનગરનું એક અનોખુ આકર્ષણ અક્ષરધામ મંદિર છે જે BAPS દ્વારા સંચાલિત છે. અક્ષરધામ મંદિરમાં ૭ ફૂટથી પણ ઊંચી ભગવાન સ્વામિનારાયણની પ્રતિમા આવેલી છે. ગાંધીનગર ખાતે આવેલા અક્ષરધામ મંદિર ગુજરાતનું સૌથી મોટું હિન્દુ મંદિર છે.
- પાવગઢ (તા. હાલોલ, જિ. પંચમહાલ)
  ગુજરાતની ત્રણ શક્તિપીઠોમાંની એક શક્તિપીઠ છે. વનરાજ ચાવડાનાં સેનાપતિ ચાંપરાજ વણિકની યાદમાં તેણે આ નગર આઠમી સદીમાં બંધાવ્યું. આ સ્થળ ગુજરાતમાં પંચમહાલ જિલ્લામાં પાવાગઢ પર્વતની ટોચ પર આવેલું છે. પાવગઢમાં મહાકાલી માતાનું મંદિર ૨૭૨૦ ફુટની ઊંચાઈએ સૌથી ઊંચા શિખર પર આવેલું છે. પાવાગઢમાં નવરાત્રીમાં મેળો ભરાય છે એ સમયે અહીં મોટી સંખ્યામાં યાત્રાળુઓ ઉમટી પડે છે.
- ગિરનાર પર્વત
  જૂનાગઢ જિલ્લાના સુંદર અને પર્વતીય વિસ્તારમાં ગિરનાર પર્વત આવેલો છે. આ પર્વતમાળા વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષે છે. કુલ ૯૯૯૯ પગથિયા મુલાકાતીઓને પર્વતની ટોચ સુધી દોરી જાય છે. ગિરનાર પર્વત ઉપર હિંદુ અને જૈન મંદિરો છે. ગિરનાર પર્વતની ટોચ ઉપર ગોરખનાથ મંદિર આવેલું છે. અહીં દત્તાત્રેય ભગવાનનું પણ મંદિર છે. જે ત્રિમૂર્તી-બ્રમ્હા, વિષ્ણુ અને મહેશનું સ્વરૂપ છે.
- માતૃગયા (સિદ્ધપુર)
  સરસ્વતી નદીના

ભારતમાં પ્રવાસન: પ્રશ્નો, પડકારો અને અસરો

આ સ્થળ "માતૃગયા" તરીકે ઓળખાય છે. ઈ.સ. ૧૭૯૫ માં બંધાવેલાં અહલ્યાબાઈ નો મઠ અહીં આવેલ છે

**વન્યજીવ અભ્યારણ્ય**

પ્રકૃતિ પ્રેમીઓ માટે ગુજરાત સાથે જ સ્વર્ગ સમાન છે. વિશ્વના કેટલાંક દુર્લભ અને સૌથી ભયંકર પ્રાણીઓની સુરક્ષા માટે રાજ્યમાં સંખ્યાબંધ અભ્યારણ્યો અને ઉદ્યાન આવેલા છે. ગુજરાતમાં લગભગ ચાર રાષ્ટ્રીય પાર્ક અને ૨૧ અભ્યારણ્યો છે, જે દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષે છે.

**ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભ્યારણ્ય:**

ગુજરાતમાં વેરાવળ શહેરની પાસે ગીર રાષ્ટ્રીય ઉદ્યાન સઆવેલો છે અને તે વિશ્વ પ્રસિદ્ધ એશિયાટિક સિંહોની પ્રજાતિનું સફળતાપૂર્વક સંરક્ષણ કરે છે. આ ઉદ્યાનમાં ચિત્તા, ઝરખ, વરૂ, શિયાળ અને પેરેડાઈઝ ફ્લાયકેચર, નારંગી માથાવાળા ગ્રાઉન્ડ થ્રસ, રંગીન બગલા જેવા સુંદર પક્ષીઓ અને તેમની પ્રજાતિઓ જોવા મળે છે.

**કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, ભાવનગર**

ભાવનગરમાં આવેલું કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન કાળીયારના સંરક્ષણ માટે કટીબધ્ધ છે જે એક પ્રજાતિ છે (એવું પ્રાણી કે જે થોડા અંશે હરણ જેવું લાગે) આહીં મોટી સંખ્યામાં કાળીયાર જોવા મળે છે. અને મુલાકાતીઓને કાળીયારને કૂદતાં, જમતાં, રમતા અને ચરતા જોવાની સારી તક મળે છે.

**જંગલી ઘુડખર અભ્યારણ્ય, કચ્છનું રણ**

કચ્છનું નાનું રણ જંગલી ઘુડખરના અભ્યારણ્ય તરીકે પ્રખ્યાત છે, જે દુર્લભ ભારતીય જંગલી ઘુડખરનું રહેઠાણ છે અને તે ગધેડા અને ઘોડાનું મિશ્રણ લાગે છે.

આ ઉપરાંત શુલપાણેશ્વર વન્યજીવ અભ્યારણ્ય, નર્માદા પ્રદેશ, મરીન નેશનલ પાર્ક અને વન્યજીવ જામનાગર, બરડા અભ્યારણ્ય વગેરે પણ જોવાલાયક સ્થળો છે.

**ગુજરાતમાં મહેલો**

ગુજરાતમાં ભૂતકાળમાં વિવિધ રાજાઓએ તેમના સાશનકાળ દરમિયાન સંખ્યાબંધ ભવ્ય મહેલોનું બાંધકામ કરાવ્યું છે. દરેક મહેલની વિશિષ્ટ સ્થાપત્ય શૈલી છે અને દર વર્ષે આ મહેલો મોટી સંખ્યામાં મુલાકાતીઓની પોતાની તરફ આકર્ષે છે.

લક્ષ્મી વિલાસ પેલેસ, વડોદરા : વર્ષ ૧૮૯૦ માં બરોડાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ આ ભવ્ય અને યુરોપિયન શૈલી ધરાવતા મહેલનું નિર્માણ કરાવ્યું હતું.

ભુજનો આઈના મહેલ: ભૂજમાં મિરરનો આઈના મહેલ ગુજરાતમાં અદભૂત સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ છે. વર્ષ ૧૭૫૦ માં મહારાજ લખપતજી દ્વારા યુરોપિયન ડિઝાઈન પ્રમાણે મહેલનું નિર્માણ કરવવામાં આવ્યું હતું.

Scanned with OKEN Scanner